RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 126 * Date: 27.2.2026,Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# હુમલો થયો તો ૪૮ કલાકમાં અમેરિકાની ડિફેન્સ ઇન્ડસ્ટ્રી ઠપ કરી દઇશું! ઈરાન માટે મેદાને આવેલા ચીનની ધમકી




અમેરિકા અને ચીન વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે હવે ચીન ખુલીને ઈરાનના પક્ષમાં આવી ગયું છે. ચીને વોશિંગ્ટનને સીધી ધમકી આપી છે કે જો અમેરિકા તેહરાન(ઈરાન) પર હુમલો કરશે, તો ચીન તરત જ રેર મેટલની નિકાસ રોકી દેશે. આ ધમકી અત્યંત ગંભીર માનવામાં આવે છે કારણ કે અમેરિકા તેની જરૂરિયાતના ૯૦% રેર મેટલ ચીન પાસેથી જ ખરીદે છે. જો ચીન આ સપ્લાય અટકાવે, તો માત્ર ૪૮ કલાકની અંદર અમેરિકાની આખી ડિફેન્સ ઈન્ડસ્ટ્રી ઠપ થઈ શકે છે. રેર મેટલ અત્યાધુનિક હ્લ-૩૫ ફાઈટર જેટ્સ, મિસાઈલ ગાઈડન્સ સિસ્ટમ અને હાઈ-ટેક ઈલેક્ટ્રોનિક ચિપના ઉત્પાદનમાં પાયાનું ઘટક છે. આ કિંમતી ધાતુઓના પુરવઠા વિના અમેરિકાની સૈન્ય તાકાત અને સંરક્ષણ પ્રણાલી સંપૂર્ણપણે પાંગળી બની શકે તેમ છે.

બીજી તરફ, ચીન હવે ઈરાનને અત્યાધુનિક હથિયારો વેચવાની પણ તૈયારી કરી રહ્યું છે. અહેવાલો મુજબ, ઈરાન ચીન પાસેથી ‘ઝસ-૩૦૨‘ સુપરસોનિક એન્ટી-શિપ મિસાઈલો ખરીદવા જઈ રહ્યું છે, જે ૨૯૦ કિલોમીટર સુધીની મારક ક્ષમતા ધરાવે છે અને અમેરિકાના એરક્રાફ્ટ કેરિયર કે વિનાશક જહાજોને ડુબાડવા માટે સક્ષમ છે.

ચીન માટે ઈરાન એટલે મહત્ત્વનું છે કારણ કે ચીન પોતાની જરૂરિયાતનું મોટાભાગનું તેલ ઈરાન પાસેથી ખરીદે છે. આ ઉપરાંત, જો અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ થાય તો ‘હોર્મુઝની સ્ટ્રેટ‘(દરિયાઈ માર્ગ) બંધ થઈ શકે છે, જે ચીનના આંતરરાષ્ટ્રીય વેપાર માટે આર્થિક રીતે મોટું નુકસાન સાબિત થઈ શકે. આમ, ચીન પોતાના આર્થિક અને સામરિક હિતોના રક્ષણ માટે હવે અમેરિકા સામે ઈરાનનું કવચ બનીને ઊભું રહ્યું છે.

## ગુજરાત આગામી ૧ માર્ચ, ૨૦૨૬ના રોજ મહાત્મા મંદિર ખાતે ૩જી સેમિકનેક્ટ કોન્ફરન્સની યજમાની કરશે

ગાંધીનગર, ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૬: ગુજરાત સરકાર આગામી ૧ માર્ચ, ૨૦૨૬ના રોજ ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે સેમિકનેક્ટ કોન્ફરન્સ ૨૦૨૬ની ત્રીજી આવૃત્તિની યજમાની કરશે. ગુજરાત સરકારના સાયન્સ અને ટેક્નોલોજી વિભાગ અને ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશન (ય્જીઈસ્) દ્વારા આયોજિત, આ વૈશ્વિક કોન્ફરન્સ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ થકી પ્રેરિત છે. ઉલ્લેખનીય છે કે વડાપ્રધાનશ્રીના ટેક્નોલોજીમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવાના આહ્વાને સેમિકન્ડક્ટર ક્ષેત્રને ભારતના ગ્રોથ એજન્ડાના કેન્દ્રમાં સ્થાપિત કર્યું છે. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફર્મેશન ટેક્નોલોજી ( ), રેલવે તેમજ માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ, ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અને સાયન્સ અને ટેક્નોલોજી મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાની ઉપસ્થિતિમાં આ કોન્ફરન્સનું ઉદ્ઘાટન કરશે.

આ કોન્ફરન્સનું થીમ છે: ‘ગુજરાતઃ ઈન્ડિયાઝ ગેટવે ટુ સિલિકોન’ (ગુજરાતઃ સિલિકોન માટે ભારતનું પ્રવેશદ્વાર), જે ભારતની સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમના પ્રમુખ કેન્દ્ર તરીકે સ્થાપિત થવાની રાજ્યની મહત્વાકાંક્ષાને પ્રતિબિંબિત કરે છે. ગુજરાત તેના મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઔદ્યોગિક કોરિડોર અને રોકાણકારોને અનુકૂળ નીતિઓ સાથે ભારતના સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ અને રિસર્ચ ક્ષમતાઓને વેગ આપવામાં મુખ્ય ભૂમિકા ભજવવા માટે તૈયાર છે. આ કોન્ફરન્સ વૈશ્વિક સેમિકન્ડક્ટર સીઈઓ, નીતિ નિર્માતાઓ અને ઉદ્યોગ અગ્રણીઓને એકસાથે લાવશે, જેઓ વૈશ્વિક મૂલ્ય શૃંખલામાં ભારતની સ્થિતિને મજબૂત બનાવતી વ્યૂહરચનાઓ પર ચર્ચા કરશે. આ બે દિવસીય કોન્ફરન્સમાં મુખ્ય ભાષણો, થીમેટિક પેનલ્સ અને આંતરરાષ્ટ્રીય રાઉન્ડટેબલ્સનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રથમ દિવસે નેક્સ્ટ જનરેશન સેમિકન્ડક્ટર રિસર્ચ અને મેન્યુફેક્ચરિંગ, ધોલેરા અને સાણંદ જેવા હબ માટે લોજિસ્ટિક્સ અને નિકાસની સજ્જતા, ભવિષ્યના કૌશલ્યો માટે કાર્યબળનો વિકાસ જેવા સત્રો યોજાશે. સત્રોમાં થનારી ચર્ચાઓમાં ભારતના ઈલેક્ટ્રોનિક્સ પાયાને મજબૂત બનાવવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે, જેમાં પ્રિન્ટેડ સર્કિટ બોર્ડથી લઈને રેઝિલિયન્ટ કોમ્પોનેન્ટ ઈકોસિસ્ટમનો સમાવેશ થાય છે. સમાંતર યોજાનારા સત્રોમાં માઈક્રોન સપ્લાયર્સ રાઉન્ડટેબલ, જાપાન અને તાઈવાન સાથે કન્ટ્રી-સ્પેસિફિક રાઉન્ડટેબલ અને ‘ફ્રોમ સિલિકોન ટુ સ્ટુડન્ટ્સઃ બિલ્ડીગ ઈન્ડિયાઝ સેમિકન્ડક્ટર ફ્યુચર‘ (સિલિકોનથી વિદ્યાર્થીઓ સુધીઃ ભારતના સેમિકન્ડક્ટર ભવિષ્યનું નિર્માણ) શીર્ષક હેઠળ શિક્ષણ અને આઉટરીચ પર સેમિનારનો સમાવેશ થાય છે.

બીજા દિવસે ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન (જીૈંઇ) ખાતે ગાઈડેડ ટુરનું આયોજન કરવામાં આવ્યું છે, જે ય્જીઈસ્, ૈંઝ્રઙ્ઘન્ અને ટાટા ઈલેક્ટ્રોનિક્સ દ્વારા આયોજિત થશે. આ ગાઈડેડ ટુર પ્રતિનિધિઓને ગુજરાતના મહત્વાકાંક્ષી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સને પ્રત્યક્ષ જોવાની તક પ્રદાન કરશે.

## ગાંધીનગરના પાલજમાં ગુજરાતની સૌથી મોટી હોળી સાથે યોજાશે ભવ્ય સાંસ્કૃતિક મહોત્સવ



ગાંધીનગરના પાલજ ખાતે વર્ષોથી પરંપરાગત રીતે ઉજવાતી ગુજરાતની સૌથી મોટી હોળીના પર્વ નિમિત્તે આ વર્ષે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આ ઐતિહાસિક પરંપરામાં સહભાગી થઈને આગામી ૨ માર્ચના રોજ એક ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ અને લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવમાં રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને કલાપ્રેમીઓ ઉમટી પડશે.પાલજની હોળી તેની ભવ્યતા અને વર્ષો જૂની આસ્થા માટે સમગ્ર ગુજરાતમાં પ્રખ્યાત છે. આ વર્ષે પરંપરાગત હોલિકા દહનની સાથે જનતાના મનોરંજન અને સાંસ્કૃતિક વારસાને જીવંત રાખવા માટે મહાનગરપાલિકાએ વિશેષ પહેલ કરી છે. કાર્યક્રમના પ્રારંભમાં હોલિકા દહન પાછળના પૌરાણિક મહત્વ અને ભક્ત પ્રહલાદની કથાને જીવંત કરતું એક વિશેષ નાટક કલાકારો દ્વારા પ્રસ્તુત કરવામાં આવશે. આ નાટક દ્વારા નવી પેઢીને ભારતીય સંસ્કૃતિ અને અનિષ્ટ પર ઈષ્ટના વિજયના સંદેશથી માહિતગાર કરવામાં આવશે.

સાંસ્કૃતિક કાર્યક્રમના મુખ્ય આકર્ષણ તરીકે ગુજરાતના ખ્યાતનામ લોકગાયક બ્રિજરાજ ગઢવી દ્વારા ભવ્ય લોકડાયરો પિરસવામાં આવશે. જેમાં તેઓ શૌર્યરસ, ભક્તિ સંગીત અને લોકસાહિત્યની વાતોથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરશે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આ કાર્યક્રમ માટે અત્યારથી જ તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.આ આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય પાલજની વર્ષો જૂની લોકપરંપરાને રાજ્ય સ્તરે વધુ વેગ આપવાનો અને લોકોમાં સમૂહભાવના કેળવવાનો છે. મહાનગરપાલિકાના પદાધિકારીઓ અને અધિકારીઓએ આ ભવ્ય સાંસ્કૃતિક સાંજનો લાભ લેવા માટે નાગરિકોને ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

## બનાસકાંઠામાં ધોરણ ૧૦ બોર્ડ પરીક્ષા શરૂ: વિદ્યાર્થીઓનું પુષ્પગુચ્છ-બોલપેનથી કરાયું સ્વાગત



બનાસકાંઠા જિલ્લામાં આજે ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાઓનો પ્રારંભ થયો છે. જિલ્લાના કુલ ૧૨૨ કેન્દ્રો પર ૮૭,૬૦૯ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. વિદ્યાર્થીઓને પુષ્પગુચ્છ અને બોલપેન આપીને પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આયોજિત આ પરીક્ષામાં ધોરણ ૧૦ માટે જિલ્લામાં ૬૮ કેન્દ્રો પર ૫૦,૭૪૬ વિદ્યાર્થીઓ નોંધાયા છે. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના ૩૦,૬૬૧ વિદ્યાર્થીઓ ૪૬ કેન્દ્રો પર પરીક્ષા આપશે, જ્યારે વિજ્ઞાન પ્રવાહના ૬,૨૦૨ વિદ્યાર્થીઓ ૮ કેન્દ્રો પર પરીક્ષા આપશે. આમાં રીપીટર, પૃથ્થક અને ખાનગી ઉમેદવારોનો પણ સમાવેશ થાય છે.પરીક્ષા પ્રક્રિયા શાંતિપૂર્ણ, નિર્ભય અને પારદર્શક રીતે સંપન્ન થાય તે માટે જિલ્લા વહીવટીતંત્ર સંપૂર્ણ સજ્જ છે. પરીક્ષાના સુચારુ સંચાલન માટે એસ.એસ.સી. માટે ૫ ઝોન અને એચ.એસ.સી. માટે ૨ ઝોન રચીને દેખરેખની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

## મે મહિનામાં વાગશે ચૂંટણીના ઢોલ! સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે તૈયારીઓ તેજ, મતદાન મથક, કર્મચારી નિમણૂંક અને ઈફસ્ની ચકાસણી સહિતની પ્રક્રિયા શરૂ



રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી હવે મે મહિનાના મધ્યકાળમાં યોજાઈ શકે છે તેવી શકયતા પ્રબળ બની રહી છે. અંતિમ મતદાર યાદી તૈયાર થઈ જતાં ચૂંટણી યોજવા માટેનો માર્ગ હવે લગભગ મોકળો થયો છે.સૂત્રોના જણાવ્યા મુજબ, ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત તેમજ નગરપાલિકા-મહાનગરપાલિકાની ખાલી પડેલી બેઠકો માટે મતદાન પ્રક્રિયા મે મહિનાના બીજા અથવા ત્રીજા સપ્તાહમાં યોજાઈ શકે છે.ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ચૂંટણીલક્ષી તૈયારીઓને વેગ આપવામાં આવ્યો છે. જિલ્લા કક્ષાએ અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું છે અને મતદાન મથકોની યાદી, કર્મચારીઓની નિમણૂંક તથા ઈવીએમ મશીનોની ચકાસણી સહિતની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે.અંતિમ મતદાર યાદી પ્રસિદ્ધ થયા બાદ રાજકીય પક્ષોમાં પણ સક્રિયતા વધી ગઈ છે. સંભવિત ઉમેદવારો દ્વારા તજવીજ શરૂ થઈ ગઈ છે અને તાલુકા-જિલ્લા કક્ષાએ બેઠકોનો દોર તેજ બન્યો છે. ચૂંટણી કાર્યક્રમની સત્તાવાર જાહેરાત ટૂંક સમયમાં થવાની સંભાવના છે.આ ચૂંટણી ગ્રામ્ય અને શહેરી સ્તરે રાજકીય સમીકરણોને અસર કરશે અને આવનારા સમયમાં રાજ્યની રાજકીય દિશા નક્કી કરવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે.

# તંત્રી લેખ

## ડિસેમ્બરની સરખામણીએ જાન્યુઆરીમાં ક્રેડિટ કાર્ડસ મારફતના ખર્ચમાં ઘટાડો

મુંબઈ : ડિસેમ્બરની સરખામણીએ જાન્યુઆરીમાં ક્રેડિટ કાર્ડસ મારફતના ખર્ચમાં ઘટાડો જોવા મળ્યો છે. ડિસેમ્બરમાં ૨.૦૫ ટ્રિલિયનની સરખામણીએ જાન્યુઆરીમાં ક્રેડિટ કાર્ડસ મારફતના ખર્ચનો આંક રૂપિયા બે ટ્રિલિયન રહ્યો છે.

વર્તમાન વર્ષના જાન્યુઆરીમાં ક્રેડિટ કાર્ડસ મારફતનો ખર્ચ વાર્ષિક ધોરણે આઠ ટકા ઊંચો રહ્યો છે. ડિસેમ્બરમાં ૧૧.૫૭ કરોડની સરખામણીએ ક્રેડિટ કાર્ડસની સંખ્યા જાન્યુઆરીમાં વધી ૧૧.૬૬ કરોડ રહી છે, એમ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ના ડેટા જણાવે છે.

જાન્યુઆરીમાં પોઈન્ટ ઓફ સેલ ખાતે કાર્ડસ મારફતનો ખર્ચ ડિસેમ્બરની સરખામણીએ ૩.૧૭ ટકા ઘટી રૂપિયા ૭.૫૯ ટ્રિલિયન રહ્યો છે. ઈ-કોમર્સ પર પણ કાર્ડસ મારફતનો ખર્ચ ૨.૪૫ ટકા ઘટી રૂપિયા ૧૨.૩૦ ટ્રિલિયન રહ્યો છે.રિઝર્વ બેન્ક દ્વારા એનસિકયોર્ડ ધિરાણ ધોરણો સખત બનાવાતા કાર્ડસનો ઉમેરો પણ મંદ પડયો છે. બેન્કો કવોલિટી પર વધુ ધ્યાન આપવા લાગતા તેમના દ્વારા કાર્ડસ જારી કરવાની ગતિ ધીમી પડી છે.વર્તમાન નાણાં વર્ષના એપ્રિલથી જાન્યુઆરીના ગાળામાં ક્રેડિટ કાર્ડસ મારફતનો ખર્ચ વધી રૂપિયા ૧૯.૬૪ ટ્રિલિયન રહ્યો છે જે ગયા નાણાં વર્ષના સમાનગાળામાં રૂપિયા ૧૭.૪૦ ટ્રિલિયન રહ્યો હતો.

## દક્ષિણ કોરિયા અને અમેરિકા માર્ચ ૨૦૨૬માં ફ્રીડમ શિલ્ડ લશ્કરી કવાયત કરશે

તા. ૨૫

દક્ષિણ કોરિયા અને યુનાઈટેડ સ્ટેટ્સ ૯ થી ૧૯ માર્ચ દરમિયાન ફ્રીડમ શીલ્ડ તરીકે ઓળખાતી મોટી સંયુક્ત લશ્કરી કવાયત કરશે, એમ બંને દેશોના લશ્કરી અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું.

આ વાર્ષિક કવાયત ×રક્ષણાત્મક પ્રકૃતિની× છે, અધિકારીઓએ એક બ્રીફિંગમાં જણાવ્યું હતું, જોકે આ કવાયત તેને ઉત્તર કોરિયા સાથે વારંવાર તણાવનો વિષય બનતા અટકાવી શકી નથી, જેણે લાંબા સમયથી આ કવાયતોને આક્રમણ માટે રિહર્સલ તરીકે નિંદા કરી છે.

તેઓએ જણાવ્યું હતું કે આ કવાયત યુ.એસ. યુદ્ધ સમયના ઓપરેશનલ નિયંત્રણને દક્ષિણ કોરિયામાં સ્થાનાંતરિત કરવા માટેની ચાલુ તૈયારીઓને ટેકો આપવાની તક તરીકે પણ કામ કરશે.

ગત વર્ષના પુનરાવર્તન સહિત ભૂતકાળના કવાયતોમાં આ તૈયારીને ટેકો આપવાના હેતુથી મલ્ટી-ડોમેન અને કમાન્ડ-પોસ્ટ તાલીમનો સમાવેશ થતો હતો.

દક્ષિણ કોરિયા ૨૦૩૦ માં રાષ્ટ્રપતિ લી જે મ્યુંગનો કાર્યકાળ પૂરો થાય તે પહેલાં યુ.એસ. પાસેથી લશ્કરી કમાન્ડનું હસ્તાંતરણ પૂર્ણ કરવાનો લક્ષ્ય રાખે છે.દક્ષિણ કોરિયા અને યુએસ અધિકારીઓએ જણાવ્યું હતું કે આગામી મહિને સાથી દેશો દ્વારા યોજાનારી કવાયતમાં ઉત્તર કોરિયાના પરમાણુ શસ્ત્રો સંબંધિત નિવારક દૃશ્યોનો સમાવેશ થશે.

રાષ્ટ્રપતિ લીએ ઉત્તર કોરિયા સાથેના તણાવપૂર્ણ સંબંધો સુધારવાનો પ્રયાસ કર્યો છે, જોકે તે પ્રયાસોને અત્યાર સુધી પ્યોંગયાંગ દ્વારા નકારી કાઢવામાં આવ્યા છે.

દક્ષિણ કોરિયાના મીડિયાએ અગાઉ અહેવાલ આપ્યો હતો કે સિઓલે આ આઉટરીચને ટેકો આપવા માટે ફ્રીડમ શીલ્ડ દરમિયાન ફિલ્ડ તાલીમ કસરતોને પાછળ ધકેલી દેવાનો પ્રસ્તાવ મૂક્યો હતો, પરંતુ તેનો સામનો યુએસ પ્રતિકારનો સામનો કરવો પડ્યો હતો.

અધિકારીઓએ રોઇટર્સને જણાવ્યું હતું કે ફિલ્ડ ડ્રીલ્સને સમાયોજિત કરવા અંગેની વાટાઘાટો હજુ પણ ચાલુ છે અને છેલ્લી ઘડી સુધી ચાલુ રહેશે.

ઉત્તર કોરિયા હાલમાં શાસક વર્કર્સ પાર્ટીની નવમી કોંગ્રેસનું આયોજન કરી રહ્યું છે, જે તેના કેલેન્ડરમાં સૌથી મોટી રાજકીય ઘટના છે, જે વિશ્લેષકો કહે છે કે તેની નવીનતમ લશ્કરી ક્ષમતાઓ દર્શાવવા માટે પ્યોંગયાંગમાં લશ્કરી પરેડ સાથે સમાપ્ત થઈ શકે છે.

## ડિસેમ્બર ક્વાર્ટરમાં બાકી રિટેલ લોન ૧૮ ટકા વધીને રૂ. ૧૬૨ લાખ કરોડને પાર




અમદાવાદ : ડિસેમ્બર ક્વાર્ટરમાં રિટેલ લોનની બાકી રકમ ૧૮.૧ ટકા વધીને રૂ.૧૬૨ લાખ કરોડ થઈ છે. સોનાના ભાવમાં વધારો, તહેવારોની માંગ અને જીએસટી દરમાં ઘટાડો થવાથી લોન વિતરણમાં વધારો થયો છે, એમ એક અહેવાલમાં જણાવાયું છે.

ક્રેડિટ ઈન્ફર્મેશન કંપની સીઆરઆઈએફ હાઇ માર્કના આ અહેવાલ મુજબ, હાઉસિંગ લોન સેગમેન્ટ રિટેલ લોનનો સૌથી મોટો હિસ્સો ધરાવે છે. આ સેગમેન્ટની બાકી લોન રકમ ઓક્ટોબર-ડિસેમ્બર ૨૦૨૫ ક્વાર્ટર દરમિયાન ૧૦.૫ ટકા વધીને રૂ. ૪૩ લાખ કરોડ થઈ છે. આ દરમિયાન, ગોલ્ડ લોનમાં ૪૪.૧ ટકાનો તીવ્ર વધારો જોવા મળ્યો છે અને બાકી રકમ રૂ. ૧૬.૨ લાખ કરોડ સુધી પહોંચી છે.

## બિલ ગેટ્સે રશિયન મહિલાઓ સાથેના બે અફેરનો સ્વીકાર કર્યો, એપ્સ્ટેઈન સંબંધો અંગે સ્ટાફ પાસે માફી માંગી



માઈક્રોસોફ્ટના સહ-સ્થાપક બિલ ગેટ્સે ગેટ્સ ફાઉન્ડેશનના કર્મચારીઓને દોષિત જાતીય ગુનેગાર જેફરી એપ્સ્ટેઈન સાથેના તેમના સંબંધો અંગે દિલગીરી વ્યક્ત કરી છે, જ્યારે એક નવા મીડિયા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે તેઓ કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સામેલ નથી.

બિલ ગેટ્સે રશિયન મહિલાઓ સાથે બે સંબંધો હોવાનું સ્વીકાર્યું અને સ્વીકાર્યું કે તેમણે એવી ભૂલો કરી હતી જેણે પરોપકારી સંસ્થાને ઢાંકી દીધી છે, જ્યારે તેમણે જાળવી રાખ્યું કે તેમણે એપ્સ્ટેઈનની ગુનાહિત પ્રવૃત્તિઓમાં ભાગ લીધો ન હતો, મંગળવાર, ૨૫ ફેબ્રુઆરીના રોજ ધ વોલ સ્ટ્રીટ જર્નલના એક વિશિષ્ટ અહેવાલ મુજબ.

બિલ ગેટ્સ ઘણા સેલિબ્રિટીઝ, રાજકારણીઓ, નેતાઓ અને ટેકનોલોજી ઉદ્યોગસાહસિકોમાં સામેલ હતા જેમને જાતીય ગુનેગાર સાથે જોડાયેલા તરીકે ઓળખવામાં આવ્યા હતા, જેમ કે ઈમેઈલ્સ, ઈન્ટરવ્યુ ટ્રાન્સક્રિપ્ટ્સ, ફોટોગ્રાફ્સ, કોલ લોગ્સ અને અન્ય સામગ્રી સહિતના વ્યાપક દસ્તાવેજોમાં ખુલાસો થયો હતો, જેમાંથી કેટલાકને સંપાદિત કરવામાં આવ્યા હતા, જે ગયા મહિને યુ.એસ. ન્યાય વિભાગ દ્વારા ઓનલાઈન પ્રકાશિત કરવામાં આવ્યા હતા, જેને સામૂહિક રીતે એપ્સ્ટેઈન ફાઈલો તરીકે ઓળખવામાં આવે છે.

મંગળવારે ટાઉન હોલ મીટિંગ દરમિયાન, ગેટ્સે રશિયન મહિલાઓ સાથે બે સંબંધો હોવાની કબૂલાત કરી, જેનો પાછળથી એપ્સ્ટેઈન દ્વારા ખુલાસો કરવામાં આવ્યો. જોકે, તેમણે સ્પષ્ટતા કરી કે આ બાબતોમાં એપ્સ્ટિનના કોઈપણ પીડિતનો સમાવેશ થતો નથી.

"મેં કંઈ ગેરકાયદેસર કર્યું નથી. મેં કંઈ ગેરકાયદેસર જોયું નથી," ગેટ્સે જણાવ્યું, ધ વોલ સ્ટ્રીટ જર્નલ દ્વારા સમીક્ષા કરાયેલ રેકોર્ડિંગ મુજબ.

ગેટ્સે સમજાવ્યું કે તાજેતરમાં એપ્સ્ટિન ફાઈલોમાંથી બહાર પાડવામાં આવેલા ચિત્રો, જેમાં તેમને એવી મહિલાઓ સાથે દર્શાવવામાં આવ્યા છે જેમની ઓળખ છુપાવવામાં આવી છે, તે એપ્સ્ટિન દ્વારા તેમના સહાયકો સાથે તેમની મીટિંગ પછી લેવા માટે વિનંતી કરવામાં આવી હતી.

"સ્પષ્ટપણે કહીએ તો, મેં ક્યારેય પીડિતો, તેમની આસપાસની મહિલાઓ સાથે સમય વિતાવ્યો નથી," ગેટ્સે કહ્યું.

એપ્સ્ટિન વિવાદ વચ્ચે બિલ ગેટ્સે 'મોટી ભૂલ' સ્વીકારી

ગેટ્સે વધુમાં સ્વીકાર્યું, "એપ્સ્ટિન સાથે સમય વિતાવવો એ એક મોટી ભૂલ હતી," અને ગેટ્સ ફાઉન્ડેશનના અધિકારીઓને દોષિત જાતીય અપરાધી સાથે મીટિંગમાં સામેલ કરવા. "હું અન્ય લોકો માટે માફી માંગુ છું જેઓ મારી ભૂલને કારણે આમાં ખેંચાય છે," ગેટ્સે ધ વોલ સ્ટ્રીટ જર્નલ દ્વારા કહ્યું હતું. દાનવીરએ ઉલ્લેખ કર્યો કે તેમનો ૨૦૧૧ માં એપ્સટાઈન સાથે મુલાકાત થઈ હતી, જે ૨૦૦૮ માં વેશ્યાવૃત્તિ માટે સગીરને આમંત્રિત કરવા બદલ જાતીય ગુનેગાર દ્વારા દોષિત ઠેરવવામાં આવ્યાના ત્રણ વર્ષ પછી થઈ હતી.

# મેલ સ્વાઇત્ઝરકા નસકોરા જુલીકે નસકોરાસે મિલે ઔર કરે નસકોરા કી બાતે!! વાહ દુબારા. નસકોરાંના ગુબારા !!!

માણસને આંખ દુખે તો તેની ખબર પડે છે. ( અમારા રાજુ રદીને છોકરીઓ જોઇ જોઇને ત્રીજી આંખે મોતિયો આવી ગયો છે!!! મોતિયો કોઇ ફળ નથી છતાં પાકે પણ છે!! જેવી રીતે કોઇ ધીમી આંચે ખીકડી પકાવે છે તેમ ખણખોદિયા , ઘોરખોદિયા , ખાટસવાદિયા માથું પકાવે છે!!) કોઇ કોઇને આંખ મારે અગર ચાર આંખો ભેગી થાય એટલે હજારો આંખો ખફા થાય છે!!!આંખ દુખે એટલે ક્યાંય મન લાગતું નથી!!

કોઈને કાન દુખે તો તેની ખબર પડે છે. આમ, તો દિવાલને પણ કાન હોવાનું કહેવાય છે. ઘણીવાર કોઈ માણસ કાનનો કાચો હોવાનો આરોપ મુકાય છે. વાહન ચલાવવા માટે કાચું પાકું લાયસન્સ હોય છે. જે કે, બંને લાઈસન્સમાં આવું લખેલું હોતું નથી!! વાહનોના લાયસન્સની જેમ આંખ- કાન કાચા હોય તો પાકા ક્યારે થાય કે જીંદગીભર કાચા જ રહે ? તેની ક્યાંય સ્પષ્ટતા નથી. બધો ગૂંચવાડો છે!! મૂળ મુદો કાન દુખવાનું કારણ કાન ક્યાંક લાંબો સમય દિવાલ સરસો કર્યો હોય તેમ પણ બંને !!આપણે ત્યા કાન દેવા એમ પણ કહેવાય છે. તેનો મતલબ એટેન્શન આપવું.

ઘણાને ઘણાનું પેટમાં દુખતું હોય છે. શક્ય છે કે પેટમાં આટી ( કેટલાકને પેટની આટી કશુક કર્યા સિવાય પણ ચડી જાય છે. કશુંક ખાવપીવો તો પણ છૂટી પડતી નથી!!કાયમી કમઠાણ રહી જાય છે!! )ચડી જાય છે. પેટમાં દુખાવો ક્યારે થાય અને કોને થાય એ કહી શકાતું નથી. રજા મુકવા માટે પેટના દુખાવાનું બહાનું કલમવગુ હોય છે. સરકારી બાબુઓને ફાઈલ ચલાવતી પખતે પેટમાં આવતી ચૂંકનો ગમે તેવા મશીનો,ટેસ્ટ સર્જન,ફિજિશ્યન ઈલાજ શોધી શકતા નથી!!! જો કે, રાજુ રદી જેવા વાંકદેખાઓ કહે છે વિટામિન એમ( વિટામિન એમ એટલે મની,નાણાની ગોળી,સિરપ, બાટલા ચડાવવાથી ચૂંક શમી જાય છે.

શરીરમાં આંખ,કાન, પેટમાં દુખે તેની ખબર પડે છે.હાથપગમાં મચકોડ આવે તેની પણ ખબર પડે છે. મગજ વગરના માનવીને પણ બ્રેઈન સ્ટ્રોક આવે છે.( કોઇ વાંચકો આ બાબતે અમને વિશેષ પૃચ્છા કરવી નહીં. અમને મકરસંક્રાંતિ-૨૦૨૦મા બ્રેઈન સ્ટ્રોક આવી ચૂક્યો છે!!)આ બધાની વહેલા કે મોડા ખબર પડે છે. પરંતું, એક એવી બિમારી છે કે જેને બિમારી થાય છે તે બિચારા બાપડાને તેની જાણ પણ હોતી નથી.તેને બિમારી ગણવી કે ન ગણવી તેના વિશે પણ મતમતાંતર છે!!દરેક રોગી પોતાને નખમાં નહીં પણ નાકમાં પણ નસકોરા નથી એમ માને છે. નસકોરાને હિન્દીમાં ખર્રાટા કહે છે અને અંગ્રેજોમાં સ્નોરીગ કહે છે!!

જયારે આપણે રાત્રે ઊંઘી જઈએ છીએ ત્યારે શરીર ના બધા જ સ્નાયુઓ કુદરતી રીતે શિથિલ થઇ જાય છે, જેનાથી શરીર ના બધા જ અવયવો ને આરામ મળે છે. જેવી રીતે શરીર ના બધા જ સ્નાયુઓ શિથિલ થાય છે તેવી જ રીતે ગળા ના ભાગ માં આવેલા સ્નાયુઓ પણ શિથિલ થાય છે અને ગળાનો શ્વસન માર્ગ સાંકડો બને છે. આ એક સામાન્ય કુદરતી પ્રક્રિયા છે પરંતુ જો ગળા ના સ્નાયુઓ વધારે શિથિલ થાય અથવા ગળા ના ભાગમાં ચરબી ભરાવાથી શ્વસન માર્ગ વધારે સાંકડો થાય ત્યારે બહારની હવા (ઓક્સીજન ) ને સાંકડા શ્વસન માર્ગ માંથી પસાર થવા માં તકલીફ પડે છે. અને તે ભાગમાં ધ્રુજારી ઉત્પન્ન થઈને હવા શ્વસઅનતંત્ર માં જાય છે. એને કારણે જે અવાજ થાય છે તેને આપણે નસકોરા બોલે છે છીએ. જયારે ગળાનો શ્વસનમાર્ગ ધીમે ધીમે વધારે શિથિલ થવાથી સંપૂર્ણપણે બંધ થાય ત્યારે શ્વાસોચવાસ બંધ થઇ જાય છે. જેના કારણે ગભરામણ,છાતીમાં ભીંસ , તથા શ્વાસ રૂંધાય છે અને શરીરમાં ઓક્સીજન ની ઉણપ વર્તાય છે. જેને કારણે દર્દી જાગી જાય છે. જેની દર્દીને નથી અને રાત્રે ઘણી વખત થાય છે. જેનાથી ઊંઘમાં ખલેલ પહોંચે છે. અને દર્દી રાત્રે બરાબર ઊંઘી શકતો નથી. આવી વ્યક્તિઓ સવારે થાકેલા હોઈ છે તથા દિવસ દરમિયાન ઉંઘી જાય છે. આ સમગ્ર પ્રક્રિયાને ‘મ્જ્ઈૈંઝ્રૈંફ જીન્ઈઈઁ છઁદ્ઘઈછ (રાત્રી ઊંઘ દરમિયાન સ્વસછોશ્વાસનો અટકાવ) નો રોગ કહેવાય છે. આ એક આધુનિક વિજ્ઞાન ની શોધ છે.

ગરદન અને માથા વચ્ચેના સૉફ્ટ ટિશ્યૂમાં કંપારી ઉદ્ભવે છે. જેના કારણે નસકોરાં બોલે છે.નસકોરાં રોકવાં માટે જરૂરી છે કે ઍર-વે ખુલ્લો રહે. એમ કરવા માટે ઘણા નુસખા અપનાવી શકાય છે.જયારે સીધી છાતીએ ઊંઘવામાં આવે ત્યારે જીભ, દાઢી તેમજ દાઢીના નીચેના ભાગના સ્નાયુઓ ઍર-વેમાં ખલેલ પહોંચાડે છે.બજારમાં એવાં ઘણાં ઉત્પાદનો ઉપ્લબ્ધ છે, જે નસકોરાં રોકવામાં મદદ કરી શકે છે. નાક પર લગાવવામાં આવતી પટ્ટીઓ પણ કંઈક આવું જ કામ કરે છે.આ પટ્ટીઓ પાછળનો વિચાર એ છે કે તે નાકને ખુલ્લું રાખે છે.આ પટ્ટીઓ ત્યારે કામ કરે છે, જ્યારે નસકોરાં બોલવાંનું શરૂ થાય છે. જોકે, તે અસરદાર છે કે કેમ, તેની ખરાઈ થઈ હોવાનું સામે આવ્યું નથી. વજન ઘટાડીને પણ નસકોરાથી રાહત મેળવી શકાય છે .જો શરદી થઈ હોય અને નાક બંધ હોય તો નસકોરાંની સંભાવના વધી જાય છે.

આવી સ્થિતિમાં ઊંઘતાં પહેલાં નાકને સારી રીતે સાફ કરવું અનિવાર્ય છે.નસકોરા ન બોલે તે આડા પડખે ઊંઘવું જોઈએ. નસકોરા દૂર કરવા માટે એલચીનો ઉપયોગ કરી શકાય છે!! તે શ્વસન માર્ગને ખોલવાનું કામ કરે છે

હૃદયની બીમારી હૃદયના અનિયમિત ધબકારા હૃદયરોગનો હુમલો અને હૃદય બંધ/પડવું નસકોરા અને ઊંઘ એ એકબીજા સાથે જોડાયેલા છે અને નસકોરા બોલવા એ સારી ઉંઘની નિશાની છે પરંતુ એ એક ભ્રમ છે. નસકોરા બોલવા એ એક રોગ છે અથવા તો ગંભીર લક્ષણ છે. ઊંઘમાં થતા શ્વાસના રોગનું તેનાથી ઘણા ને જીવલેણ દર્દ થઇ શકે છે. ૨૦૦ પ્રકારથી પણ વધારે ઊંઘના રોગો છે એમાંથી સ્લીપ આપ્નિયા સૌથી વધુ કોમન રોગ છે. તાજેતરમાં, પીઠ સંગીતકાર બપ્પી લાહિરીનું નિધન ક સ્લીપ એપનિયાને કારણે થયું હતું !!

નસકોરાંને કારણે લગ્નો પણ તૂટી ગયાં હોય એવા મામલા નોંધાયા છે.નસકોરાના કારણે પતિપત્નીમાં કલહ થાય છે. જેના નસકોરા બોલતા હોય તે વહેલા ઊંઘી જાય છે. નસકોરાંના અવાજને લીધે ઊંઘ ઉડી જાય તો પછી ઊંઘ આવતી નથી. પછી હીમેશ રેશમિયાની જેમ “ઝલક દિખલા જા, એક બાર આ જા એક બાર આજા” એમ નાકમાંથી ગાવું પડે છે. ભૂલ ગયા સબ કુછ યાદ નહીં અબ તક નસકોરા મે ના ભૂલી!! એમ પણ ગાવું પડે!! નસકોરા માટે એમ પણ કહેવું પડે કે મેરે આંગને મે તુમ્હારા કયાં કામ હૈ એમ ગાવું પડે!!

નસકોરા અને ફાંદ વચ્ચે કોઇ સંબંધ હશે ખરો?? શરૂઆતમાં અંદર રહેતું પેટ શુકલ પક્ષના ચંદ્રની જેમ જેમ વધવા માંડે છે. પછી પાંસળા અને પેટ લેવલ ટુ લેવલ આવે છે. ફાંદમાં નવજાત શિશુ, બાળક તરૂણ, કિશોર, યુવાન, પ્રૌઢ એવા પ્રકાર હોય છે. નાના ભૂલ્કાને રમાડવાનું તોડવાનું વહાલ વરસાવવાવું સૌને ગમે છે. બાળકના મસ્તક પર વાત્સલ્યપૂર્ણ હાથ ફેરવીએ તેમ આપણે શિશુ ફાંદ પર મમતામયી સ્પર્શ કરીએ છીએ. આ ફાંદ કસરત , ડાયેટ પ્લાનથી ઓગાળી દઇશ પેટ પર ઈથોપિયન બાળક જેવું અંદર જતું રહેશે , વાંસો અને પેટ સરખા થઇ જશે તેવા મધુર વહેમમાં રાચતા હોઈએ છીએ. સ્મશાને ગયેલા મડાં પાછા આવતા નથી તેમ વધેલા પેટો-ફાંદો મૂળ સ્થિતિમાં પરત ફરતા નથી તેમ ગાલિબ કહી ગયા છે. ફાંદ ઘટાડવાના તમામ પ્રયત્નો ફાંદ અભિવૃદ્ધિ ઉતેજન પ્રોત્સાહન યોજના બની રહે છે. પરિણામે પાતળા પરમાર જેવા પુરૂષો ફૂલાવેલા ફૂગગા જેવા બને છે.ઘણાને કેરીઓથી લચેલી ડાળની માફક ફાંદની ચરબીના ગચ્ચા લબડતા હોય છે!!!

નસકોરાંનું ફાંદ જેવું છે. તમારા સમ ખાઇને કહું છું . પ્રારંભ કાળે નસકોરા પંડિત હરિપ્રસાદ ચોરસિયાના વાંસળી વાદન જેવું આહ્લાદક હોય છે. ઘરવાળી તો બધાને ગૌરવથી કહે કે એમના નસકોરા તાલબદ્ધ અને લયબધ્ધ જેવા કલાસિકલ ફયુઝન મ્યુઝિકલ લિરિક જેવા છે!! અરે બેન સબુર કર. પછી નસકોરા

આભાર - નિહારીકા રવિયા સારેગનપધનીસા જેવા આરોહ અવરોહ જેવું સ્વરૂપ ધારણ કરે છે. પછી યો યો હનીસિંગ, પ્રેસ્લી, શાકીરા, માઇકલ જેકસનના મ્યુઝિક જેવું ઘોંઘાટિયું બની જાય છે. પાણીની કોસ જેવો, ટ્રેકટર, છકડા જેવા નસકોરા માટે અણગમો ઉભો કરે.ફાટેલા સાયન્લેન્સર, મિસાઈલ , જેટ વિમાનના અવાજ જેવા નસકોરા નફ્ફટ સ્વરૂપે હેરાન પરેશાન કરે છે. પોતાના નસકોરાંનો અવાજ ખુદ ગબ્બરને સંભળાય તો નસકોરાંયાત્રાની માત્રા સમજી શકાવાય. રાજુ રદી તો કવિ દલપતરામની કવિતા “પોલું હતું તો વગાડ્યું , સાંબેલું વગાડ તો શાણો “ એમ કહે છે. બોસ, રાજુ રદી નસકોરાંનું મશ્કરું સાંબેલું જ વગાડે છે!!! કવિશ્રીનો આત્મા જયાં હોય ત્યાં પ્રસન્નતા અનુભવતો હશે!!!

એક ભાઈનું નામ મેલ સ્વાઇત્ઝર છે. પેલા સેવાભાવી ડો. આલ્બર્ટ સ્વાઇત્ઝરના સગાવ્હાલા જેવું લાગે છે ને?? પરંતુ એવું લગીરે નથી. માત્ર અટકની સમાનતા છે!! આ મહાશય ગિનેસ બુક રેકર્ડ હોલ્ડર છે!! અરે પણ એમાં શું નવાઇ છે? શરીરમાં મહતમ છૂંદણા છુદાવવા, નખ વધારવા, લોંગસ્ટ કિસ, નાકના ફોયણામાં ચિપટી ભરાવવા, વધુ બર્ગર ઝાપટવા વગેરે રેકર્ડો ગિનેસ બુકમાં નોંધાયેલ છે. મેલ સ્વાઇત્ઝર પરણેલા છે. એટલે દિવસે બોલવા મોં ખોલી શકતા નથી. મેલ સ્વાઇત્ઝર પરવાનગી ( કોની પરવાનગી એવું આ માટે પૂછો છો? વિવાદનો મધપુડો છંછેડીને શું મળશે? બાબાજી કા ઠુલ્લું!!)મેળવીને બોલે તો પાંચ ડેસિબલ જેટલો અવાજ કાઢી શકતા નથી. એમના અનાજ કરતાં તેમના ડોગી વધુ ડેસિબલ અવાજે ભસે છે. મેલ સ્વાઇત્ઝર નસ્કોરાની બિમારી છે. તેના નસ્કોરાનો અનાજ પરમાણુ બોમ્બના વિસ્ફોટ જેવો સ્ફોટક છે. તેના નસકોરાને ડેસિબલમાં માપતા ૯૩ ડેસિબલ જણાયેલ છે. નેવું ડેસિબલથી વધુ અવાજ અસહ્ય અમે કર્ણ કર્કશતમ કનિષ્ઠ છે. મેલ સ્વાઇત્ઝરના નસકોરાને કારણે તેના એક,બે , નહીં પણ આઠ-આઠ પાડોશી પડોશ છોડી ગયા છે!! ગિનેસ બુકના રેકર્ડ મુજબ મેલ સ્વાઇત્ઝર નસકોરા બોલાવવાનો ધરાવે છે!! મેલ સ્વાઇત્ઝર વર્લ્ડ લાઉડેસ્ટ સ્નોરરનો ખિતાબ ધરાવે છે!! મેલ સ્વાઇત્ઝરના નસકોરાંના પાડોશી પડોશ છોડીને જતા રહ્યા છે. પરંતુ, તેની તેની પત્ની જુલી તેને કેમ છોડીને ગઇ નથી તેમ રાજુ રદી ઉત્સુકતાથી પૂછે છે.( રાજુ રદીને તેમાં એક તક દેખાય છે. તેમાં સ્કોપ દેખાય છે!!) મેલ સ્વાઇત્ઝરનું દામ્પત્ય જીવન ગધા પચીસી અને ગધાચાલીસી પસાર કરી દીધેલ છે. વિદેશમાં લગ્ન કર્યા પછી હનીમુન માટે કયાં જવાના મામલે ડીવોર્સ લેવાતા હોય ત્યા ચાલીસ વરસનું દાંમ્પત્ય અચરજ અને સાનંદાશ્ચર્ય ગણાય. એમાં પણ મેલ સ્વાઇત્ઝરના નસકોરા. ડીવોર્સ માટેનું સોલીડ વજૂદ પણ મૌજુદ હોય તો કયાં કહને ??પણ જુલી હજુ મેલ સ્વાઇત્ઝરને વળગી રહી છે. વેલ કારણ શું હોઇ શકે?? સિમ્પલ. ડયુડ સિમ્પલ . જુલી પણ મેલ સ્વાઇત્ઝર કરતાં વધુ ડેસિબલ અવાજથી નસકોરા બોલાવતી હોય. કદાચ સ્ત્રી સહજ લજ્જાથી રેકર્ડ નોંધાવ્યો ન હોય!!!’ટુંકમા મેલ સ્વાઇત્ઝરના નસકોરા જુલીના નસકોરા મિલે ઔર કરે નસકોરા કી બાતે!! વાહ દુબારા. દુબારા નસકોરાંના ગુબારા !!

ભરત વૈષ્ણવ

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO: 334**
વિષયઃ- હોળી ધૂળેટી
શીર્ષક :- હોળી આવી રે!!!
રચનાઃ- પદ્ય શબ્દોઃ- ૮૬

હોળી આવી,હોળી આવી,હોળી આવી રે,
ફાગણ સુદ પૂનમને દિવસે હોળી આવી રે.

ખજૂરની મિજબાની કરવા હોળી આવી રે,
ધાણી, પતાસા આરોગવા હોળી આવી રે.

રંગોની સજાવટ કરવા હોળી આવી રે.
નાતજાતને દફનાવવા હોળી આવી રે.

કેસૂડાને સંગે સંગે હોળી આવી રે,
કસુંબલ રંગ ધરીને હોળી આવી રે.

ધૂળેટીની સંગે સંગે હોળી આવી રે,
ખેલૈયાને રાસ રમાડવા હોળી આવી રે.

દંભ,દુરાચારને મિટાવવા હોળી આવી રે,
સત્યના રખોપા કરવા હોળી આવી રે.

હોલિકાનું દહન કરવા હોળી આવી રે,
માનવતાનો સંદેશ દેવા હોળી આવી રે.

મહેશભાઈ રાઠોડ 'સ્નેહદીપ' (હિંમતનગર)

★★★★★★

**NOGSS NO: 345**
વિષયઃ "હોળી ધૂળેટી"
શીર્ષકઃ દીવાની
પ્રકારઃ પદ્ય - શબ્દોઃ૧૦૫

ફાગણીયો આવ્યો હોળી- ધૂળેટીમાં રૂમઝૂમ.
કેસુડાના રંગે રોળાયો, ફાગણીયો હોળીમાં રૂમઝૂમ.

શ્યામ સંગ રાધા રંગમાં રંગાતી, હૈયે હરખ ઘણો પ્રીતમાં ડૂબતી,
ફાગણીયો હોળીમાં રૂમઝૂમ.

રંગમાં રંગાતી'ને પ્રેમમાં ભીંજાતી, ભૂલતી ભાન શ્યામમાં ખોવાતી,
કાન સંગ રાધા પ્રેમમાં રૂમઝૂમ.

દીવાની રાધા પ્રેમ પ્રેમ કરતી, મુરલીધરમાં જીવ એનો રેડતી,
ફાગણીયો હોળીમાં રૂમઝૂમ.

દર્દ દીવાની હું પ્રેમમાં દીવાની, દીવાની શ્યામની રાધા રૂપાળી, કાન સંગ રાધા પ્રેમમાં રૂમઝૂમ.

લાગણીની કલમે પ્રીતની દીવાની, પ્રેમ પ્રેમ પ્રેમ તારા પ્રેમમાં ખોવાણી,
ફાગણીયો હોળીમાં રૂમઝૂમ.

શ્યામ વિનાની રાધા ટળવળતી, વસમી જુદાઈમાં વિયોગમાં ઘવાતી,
કાન સંગ રાધા પ્રેમમાં રૂમઝૂમ.

હંસા ઝાલા "લાગણી" (સુરત)

★★★★★★

**NOG SS NO: 340**
વિષયઃ હોળી ધૂળેટી
શિર્ષકઃ ફાગણનો રંગ
પ્રકારઃ અછાંદસ કાવ્ય
શબ્દોઃ ૧૧૪

ફાગણનો રંગ
ને ?ફાગણનો આ આકરો તડકો,
અને ડાળે ડાળે મહોરી ઉઠેલો કેસૂડો,
જાણે વસંતે પૃથ્વીને
રંગોનું આમંત્રણ મોકલ્યું છે.

?ચોકમાં પ્રગટેલી હોળીની જાળ,
ફક્ત લાકડાં કે છાણાં જ ક્યાં બાળે છે?
એ તો બાળે છે મનમાં પડેલી ખટાશ,
અહંકારના જૂના જાળાં,
અને ઉગારે છે આપણા ભીતરના પ્રહલાદને.

?ને પછી સવાર પડે છે ધૂળેટીની...
હવાના દરેક શ્વાસમાં ઊડે છે ગુલાલ,
પીચકારીમાંથી છૂટતા રંગીન પાણીની ધાર,
શરીરને તો ખાલી અડે છે,
પણ એ સીધી જઈને હૈયાને ભીંજવે છે.
?લાલ, લીલો, પીળો કે ગુલાબી...
ચહેરા પર લાગ્યા પછી ક્યાં કોઈનો હોદ્દો કે ભેદ રહે છે?
બધા જ રંગો એકબીજામાં ભળીને
અંતે તો બસ એક જ રંગ બનાવે છે -
સ્નેહનો અને માણસાઈનો રંગ.

?આવો,
આજે કોરા ન રહીએ.
વર્ષભરની દોડધામમાં ક્યાંક ઝાંખા પડેલા
આ જિંદગીના કોરા કેનવાસને,
ફાગણના આ અલ્લડ રંગોથી છલકાવી દઈએ.
થોડા તમે "સ્વયમ્'ભૂ" રંગાઓ, થોડા અમે "સ્વયમ્'ભૂ" રંગાઈએ!

અશ્વિન રાઠોડ "સ્વયમ્'ભૂ"
વનાળીયા (હાલ - મોરબી)

★★★★★★

**NOG SSN 0089**
વિષય હોળિ ધુળેટી
પ્રકાર પદ્ય
શિર્ષક પિચકારી
શબ્દો ૧૦૯

કાના પિચકારી તું માર મારી સાસુમા એ હા ભરી
સાસુમાએ હા ભરી મારા પ્રિતમજી એ હા કહી

કાના પિચકારી તું માર મારી સાસુમા એ હા ભરી

સાસુમા છે મારી માતા બરાબર સસરાજી પિતા જેવા

નણંદ છે મારી ગુડિયા રાની હાથ ઝાલી સાથે આવી

કાના પિચકારી તું માર મારી સાસુમા એ હા કહી

લાલ ગુલાલથી મને ભરી દે નણદીને પણ તું ના છોડતો

દેરાણી જેઠાણી મારી વહાલી સહેલી હોળી રમવા આવી

કાના પિચકારી તું માર મારી સાસુમા એ હા કહી

હોળી રમવા ઘરેથી નીકળી પ્રિતમજીથી છાની માની

પાછળથી આવી પ્રીતમે મુજને ગુલાલથી ભરી મૂકી

કાના પિચકારી તું માર મારી સાસુમા એ હા કહી

પ્રવિણા અવિનાશ

★★★★★★

**NOG.ss No. 213**
વિષય :- 'હોળી ધૂળેટી'
શીર્ષક :- 'દેજે હોળીની ગોઠ '
પ્રકાર :- ગેય ગીત. (શબ્દો :-૮૦)

ગોકુળમાં માગ્યા તે નવનિત દાણ,
હોળીની ગોઠ આજ દેજે તું શ્યામ, (ટેક)

ગોઠમાં દેજે તારી પાઘડીનું છોગુ,
મોરપીંછ રંગોમાં રમવી છે હોળી. (૨)

ભરી પિચકારી આજ ઊભી છું આંગણે,
જશોદાના લાલ તું ક્યાં જઈ છુપાયો ? (૩)

મુરલી મધુરી તું કેમ ન વગાડતો ?
ઘરમાં સંતાયો કે મધુવન છુપાયો ? (૪)

ગોઠમાં દેજે તારા ચરણોના ઝાંઝર,
ઝાંઝર ઝણકારે મારું દિલડું ધબુકતું. (૫)

ગોઠમાં દેજે તારા કાનના તે કુંડળ,
જશોદાજી પૂછે તો કહેજે ખોવાયા. (૬)

ગોઠમાં માગું આજ દર્શન શ્યામના,
'સ્વજન'સખીના અંતરમાં પ્રગટ્યા. (૭)

(કવિ શ્રી યોગેશભાઈ પંડ્યા ''સ્વજન' (જૂનગઢ)

★★★★★★

**NOG SS NO. 215**
વિષય : ''હોળી ધુળેટી"
શીર્ષક : "આવ્યો હોળીનો તહેવાર"
પ્રકાર :- પદ્ય (અછાંદસ)
શબ્દોઃ- ૬૦.

વસંતોત્સવમાં આવ્યો, હોળીનો તહેવાર,
ફાગણી પૂનમે આવ્યો, હોળીનો તહેવાર.

ખજૂર, ધાણી, દાળિયા, પતાસાંનો હારડો,
લઈ મિજબાની આવ્યો, હોળીનો તહેવાર.

હાથમાં પિચકારી લઈ, રંગ કસુંબલ કરવા,
કેસુડો સંગ લઈ આવ્યો, હોળીનો તહેવાર.

હોલીકાનું દહન કરીને, દૂરચારને મિટાવવા,
પ્રહલાદને તારવા આવ્યો, હોળીનો તહેવાર.

વાતાવરણને શુદ્ધ કરી હર રોગને ભગાવવા,
દુઃખોને દૂર કરવા આવ્યો, હોળીનો તહેવાર.

શ્યામ ગોયાણી 'શ્યામ'
શિવેન્દ્રનગર (હાલ સુરત)




આગામી જીજીઝ અને ઉઁજીઝ બોર્ડની પરીક્ષા માટે લહિયાની ભૂમિકામાં સ્કુમ હાઈસ્કુલના(સ્ત્રી કેળવણી ઉત્તેજક મંડળ) અને શારદામંદિર વિનયમંદિર શાળાઓના વિધાર્થીઓ; અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ સંચાલીત મીની કામા સેકન્ડરી હાયર સેકન્ડરી સ્કુલ ફોર ધ બ્લાઈન્ડ, વસ્ત્રાપુર,અમદાવાદ; માં છેલ્લા બે દશકથી અવિરતપણે સેવાઓ આપી રહ્યાં છે.આ બન્ને શાળાના વિધાર્થીઓ આગામી બોર્ડની પરીક્ષામાં પ્રજ્ઞાચક્ષુ વિધાર્થીઓની આંખો બની આ સેવા કાર્યમાં જોડાયા છે તે માટે આ બંને શાળાના આચાર્યશ્રીઓ અમીબેન દેસાઈ અને વિજયભાઈ રાવલ તથા સમગ્ર સ્ટાફ અને વિધાર્થીઓ અભિનંદનને પાત્ર છે.એકંદરે શારદામંદિર વિનયમંદિર શાળાના ૨૫ વિધાર્થીઓ ધો.૧૨ નું પ્રજ્ઞાચક્ષુ વિધાર્થીઓ પ્રશ્નપત્ર લખવામાં લહિયા તરીકે જોડાયા છે અને સ્કુમ હાઈસ્કુલના ૨૦ વિધાર્થીઓ ધો.૧૦ નું પ્રશ્નપત્ર લહિયા તરીકે લખવા માટે જઈ રહ્યા છે ત્યારે આ બન્ને શાળાના વિધાર્થીઓ અને તેમના માતાપિતાને અંધજન મંડળ શાળા પરિવાર અને સંસ્થા આવી ઉમદા ભાવના માટે તે વિધાર્થીઓ, તેમના પરિવારજનો અને ગુરુજનોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.



**પાલડીમાં આવેલ સરસ્વતીજી સોસાયટીમાં ઓમકારેશ્વર મંદિરમાં સુંદર રીતે શિવરાત્રીનો પ્રસંગ ઉજવાયો ભક્તો ઘણા સાથે ધજા આરોહણ વિધિ કરવામાં આવી તમામ ટ્રસ્ટીઓ હાજર રહેલ તથા ઘણા બધા ભક્તોએ લાભ લીધો તથા ચાર પ્રહર ની પૂજા પણ કરાવી**

# ડાંગના રાજવીશ્રીઓની શૌર્યગાથા સાથે તેમની રાષ્ટ્રભક્તિને બિરદાવતા પ્રભારી મંત્રી શ્રી જયરામભાઈ ગામિતઃ

આહવાઃ તાઃ ૨૬ અંગ્રેજોની આધિનતા નહીં સ્વિકારનારા ડાંગના રાજવીઓની શૌર્યગાથાનો ઉલ્લેખ કરીને, ડાંગ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી જયરામભાઈ ગામિત સહિતના મહાનુભાવોએ 'ડાંગ દરબાર'ના ઐતિહાસિક કાર્યક્રમનુ ઉદ્ઘાટન કર્યું હતું.

આદિવાસી સમાજની જીવનશૈલી, તેમનો પ્રકૃત્તિપ્રેમ, કલા વારસો વિગેરેને જાણવાનો અને માણવાનો અણમોલ અવસર પુરો પાડતા 'ડાંગ દરબાર'ની ઐતિહાસિક પૃષ્ઠભૂમિનો ઉલ્લેખ કરતા મંત્રી શ્રી ગામિતે રાજા, રજવાડાઓની માતૃભૂમિ પ્રત્યેની દેશભક્તિની અપ્રતિમ ચાહનાને યાદ કરતા, ડાંગ જિલ્લાના આ ઐતિહાસિક મહોત્સવને કારણે દેશની શુરવિરતા, શૌર્યગાથા, અને આદિવાસી ગૌરવને જાણવાનો અવસર પ્રદાન થાય છે તેમ ઉમેર્યુ હતુ.પોતાના પ્રાસંગિક વક્તવ્યમા મંત્રીશ્રીએ 'ડાંગ દરબાર'નો ઈતિહાસ વર્ણવી ડાંગના રાજવીશ્રીઓને અપાતી સાલિયાણા અર્પણ કરવાની ઐતિહાસિક પ્રણાલી અદા કરવાની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. મંત્રીશ્રી 'ડાંગ દરબાર'ના મેળામાં પ્રશાસને ઉપલબ્ધ કરાવેલી પાયાકીય સુવિધાઓનો પણ ખ્યાલ આપ્યો હતો.'ડાંગ દરબાર' ની પરંપરા અનુસાર પ્રતિવર્ષ આ કાર્યક્રમમા પધારતા રાજયપાલશ્રી, આ વેળા તા.૨જી માર્ચે આહવા ખાતે પધારી, ફરી એક વાર રંગ ઉપવનના આ જ રંગમંચ ઉપર રાજવીશ્રીઓનું યથોચિત સન્માન કરશે તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

ખૂબ જ સાદગીપૂર્ણ રહેણીકરણી ધરાવતા ડાંગ જિલ્લાના રાજવીઓની પરંપરા અને તેની ગરિમાપૂર્ણ ઉજવણીનો ઉલ્લેખ કરીને, 'ડાંગ દરબાર'ના આ ઐતિહાસિક લોકમેળાના ઉદ્ઘાટન સમારોહ દરમિયાન, ડાંગના રાજવીશ્રીઓનુ પરંપરાગત સન્માન કરાયુ હતુ.



# પ્રવાસનના બહાને પાછલા બારણે દારૂને સરકારનું પ્રોત્સાહન ?

અમદાવાદ અને ગાંધીનગરની હોટલ,રિસોર્ટ માં દારૂ વેચાયો .સરકારને રૂપિયા ૧૧૬ કરોડની કમાણી થઈ તેવું સરકારે સ્વીકાર્યું,

મહાત્મા ગાંધીના ગુજરાતમાં દારૂબંધી હવે નામ પૂરતી રહી ગઈ છે. જેમ ગિફ્ટ સિટી ની અંદર દારૂ ના વેચાણ ઉપર છૂટછાટ આપવામાં આવી છે તેમ હવે કોમનવેલ્થ ગેમ્સના કાર્યક્રમોમાં પણ વિચારણા સરકાર કરી રહી છે. આવી પરિસ્થિતિમાં અમદાવાદ અને ગાંધીનગરની ૩૨ બોટલોમાં દારૂના વેચાણ ઉપર જે પરમિશન આપવામાં આવી છે જેના કારણે ૧૧૬ કરોડ રૂપિયા સરકારને આવક થઈ છે જેવું સરકારે સ્વીકાર્યું છે. એક બાજુ પોલીસને દારૂબંધુની કડક અમલ કરવાની સૂચના અપાય છે જ્યારે બીજી તરફ દારૂની પરમીટો આપવામાં નોંધપાત્ર વધારો થયો છે અત્યાર સુધીમાં સરકારને ૧૨૪૮ નવી પરમીટોની અરજી પણ મળેલી છે. માત્ર ૨૯ અરજીઓ જ નામંજૂર કરવામાં આવી છે જે જોતા આ વાડ ચીભડા ગળી જાય તેવી વાત થઈ રહી છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી ડાયમંડ બુર્સ અને રણોત્સવ જેવી જગ્યાએ પણ દારૂ છૂટથી પીવા વાળાને મળી રહે તે બાબતે સરકાર વિચારી રહી છે આ બાબત ને ગુજરાતની પ્રબુદ્ધ જનતાએ મહાત્મા ગાંધીની દારૂબંધીની વાતની જાણે સરકાર હસી ઉડાવી રહી હોય તેવો ઘાટ ઘડાઈ રહ્યો છે. દિન પ્રતિ દિન રિસોર્ટ અને સ્ટાર હોટલો પણ અમદાવાદ ગાંધીનગરમાં જ્યારે વધી રહી છે અને પરવાના માંગશે ત્યારે સરકારની ઢીલી નીતિ બાબતે પણ પ્રશ્નો ઊભા થશે અને લોક ચર્ચામાં ચર્ચાનો મુદ્દો બને તો નવાઈ નહીં..ખોખલી દારૂ બંધી ને હટાવવાના પ્રયત્નો થઈ રહ્યા છે.યુવા ધન પેડલર તરીકે કામ કરી હોમ ડિલિવરી ના કિસ્સાઓ પણ જોવા મળ્યા છે.એવું પણ લોક મુખે ચર્ચાઈ રહ્યું છે કે ગુજરાત ના મેટ્રો સિટી અને બીજા નાના કોઈપણ સિટી નું એક પણ પોલીસ સ્ટેશન નહીં હોય કે જ્યાં દારૂબંધી નો ચુસ્ત અમલ થતો જોવા મળે. ગુજરાત ના પાટનગરો મા સરકારી ખુલ્લા પ્લોટ માં ઝૂંપડપટ્ટી હટાવવા ના બહાના હેઠળ ખુલ્લા પ્લોટ અને સેક્ટરો ને સિમેન્ટ ની દીવાલો થી કવર કરવામાં આવી છે..પરિણમે આવા પ્લોટ ન દરવાજા ની અંદર અનેક પીવા વાળા ની ગાડીઓ આશરો લઈને દારૂની મહેફિલ માણી ને બોટલો ખુલ્લા પ્લોટ ના ખૂણા માં ફેંકી ને દારૂ બંધી ને જાહેર માં ચેલેન્જ આપતી હોય તેવું જોવા મળે છે...પોલીસ ખાતાની અને પેડલરો અને હોલસેલમોટા દારૂ ન વેચાણ કરતા ની એવી તો કેવી છટક બારી કાયદાની ઓથે હશે કે સમગ્ર ગુજરાત ના તમામ વિસ્તારો માં દારૂ નો હાટડીઓ ન વેચાણ બંધ બારણે થઈ રહ્યા છે. એવી પણ ચર્ચાઓ સંભળાય છે કે હાલમાં સૌથી ઈમાનદાર તો દારૂ વેચનાર હોય છે કે જે હપ્તો બાંધ્યા વિના દારૂનું વેચાણ શરૂ જ કરતો નથી અને જ્યારે સમગ્ર તેમની લાઈન ગોઠવાઈ જાય પછી વ્યવસ્થિત રીતે તેઓ દારૂનું વેચાણ કરી રહ્યા છે અને બધા જ તેની અંદરથી કટકી મેળવી રહ્યા છે. સૌરાષ્ટ્રના મુખ્ય કહેવાતા હાઈવે લીમડી નજીક તાંજેતરમાં જ આખી ગાડી ભરેલી વિદેશી દારૂની ટ્રક પકડાઈ શું આમાં ઠોસ કાર્યવાહી કરવામાં આવશે કે ભીનું સંકેલાસે ?

# સુજલામ સુફલામ જળ અભિયાનના ૮ વર્ષ સાથે જળસંચય જન ભાગીદારી ૨.૦ અભિયાન બન્યું ગુજરાતની જળ સંચય ક્રાંતિનું માઈલ સ્ટોન







"પાણીના ટીપે ટીપે બને છે મહાસાગર, પાણીથી જ જીવન થાય છે ઉજાગર." જ્યારે આકાશમાંથી અમૃત વરસે છે, ત્યારે તેને ધરતીના પેટાળમાં ઉતારવું એ જ સાચી દેશભક્તિ છે. ગુજરાતના ખૂણે ખૂણે તળાવો ઊંડા કરી, નહેરોની સફાઈ કરી અને ચેકડેમોના નિર્માણ દ્વારા જળસંગ્રહની જે સરવાણી વહી છે, તેનું નામ છે સુજલામ સુફલામ જળ અભિયાન. છેલ્લા ૮ વર્ષની આ ભગીરથ મહેનત આજે ગુજરાતના ખેતરોમાં મોલ બનીને લહેરાઈ રહી છે.

૨૦૧૮ થી ૨૦૨૫ સુધીના છેલ્લા ૮ વર્ષોની આ મજલ માત્ર સરકારી અભિયાન નહીં, પણ એક ભવ્ય 'જન ભાગીદારી'નું ઉદાહરણ બની છે. આ અભિયાન અંતર્ગત રાજ્યભરમાં જળ સંગ્રહ ક્ષમતા વધારવા માટે ભગીરથ પ્રયાસો કરવામાં આવ્યા છે.

૨૦૧૮માં ૧૮,૫૧૫ જળસંગ્રહ કામોથી ૧૩,૫૦૦ લાખ ઘન ફૂટ સંગ્રહથી શરૂ થયેલ આ અભિયાન હેઠળ રાજ્યમાં ૨૦૨૫ સુધીમાં કુલ ૧,૩૯,૯૫૯ લાખ ઘન ફૂટ જળસંગ્રહની અભૂતપૂર્વ સિદ્ધિઓ હાંસલ થઈ છે. વર્ષ ૨૦૧૮માં ૭૫૫૨ તળાવોથી શરૂ થયેલી સફર ૨૦૨૫ સુધીમાં કુલ ૩૯૫૪૨ જેટલા તળાવો ઊંડા કરવા સુધી પહોંચી છે.

ખેડૂતોના ખેતર સુધી પાણી પહોંચાડવા માટે હજારો કિલોમીટર નહેરોની સફાઈ અને નવી ચેનલો બનાવવામાં આવી છે.હાલ સુધીમાં ૮૨૨૪૦ કિ.મી. નહેરો તથા કાંસની સાફ સફાઈ કરવામાં આવી છે. જળસ્તર ઊંચા લાવવા માટે રાજ્યમાં હજારો નવા ચેકડેમ અને રિચાર્જિંગ સ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવ્યા છે. આ સાથે ૨૬૫૪૪ ચેકડેમના ડી-સિલ્ટીગના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે.

આ અભિયાન માત્ર પાણી માટે જ નહીં, પણ રોજગારીની વૃધ્ધિ માટે પણ આશીર્વાદરૂપ બન્યું છે. ૮ વર્ષમાં ૨૧૦ લાખ 'માનવ દિવસો'ની રોજગારી ઊભી કરવામાં આવી છે.

સુજલામ સુફલામ યોજનાએ ગુજરાતના ગ્રામ્ય અને શહેરી અર્થતંત્રમાં અનેક સકારાત્મક પરિવર્તનો આણ્યા છે. પાણીના સંગ્રહમાં મોટો વધારો થવાને કારણે ડાર્ક ઝોનમાં રહેલા વિસ્તારોના ભૂગર્ભ જળસ્તર નોંધપાત્ર રીતે ઊંચા આવ્યા છે. તળાવો અને નહેરોની સફાઈ દરમિયાન નીકળેલી ફળદ્રુપ માટી/કાંપ ખેડૂતોને મફત આપવામાં આવી, જેનાથી ખેતીમાં ખાતરનો ખર્ચ ઘટ્યો અને ઉત્પાદન વધવાથી બેવડો ફાયદો થયો.

ગ્રામ્ય સ્તરે પશુ-પક્ષીઓ માટે પીવાના પાણીની અને ઘરગથ્થુ વપરાશની સમસ્યાઓનો કાયમી ઉકેલ આવ્યો છે. જળસંચયને કારણે હરિયાળી વધી છે અને પાણીના બગાડમાં મોટો ઘટાડો નોંધાયો છે.

ગુજરાતની આ જળ ક્રાંતિની નોંધ સમગ્ર દેશે લીધી છે. આ અભિયાનને તેની શ્રેષ્ઠ કામગીરી બદલ વર્ષ ૨૦૨૦માં પ્લેટિનમ કેટેગરી, વર્ષ ૨૦૨૧માં ગોલ્ડ કેટેગરીમાં સ્કોચ (જીર્દ્બઝ્રૐ) એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

"જળ છે તો જીવન છે, અને જળસંચય એ જ ઉજ્જવળ ભવિષ્યની ચાવી છે!" ગુજરાતની ધરાને ફરી હરિયાળી અને પાણીથી તરબતર કરવા માટે રાજ્ય સરકાર અને જનશક્તિના મિલન સમાન 'સુજલામ સુફલામ જળ અભિયાન' સાથે જળ સંચય જન ભાગીદારી ૨.૦ અભિયાન પણ કાર્યરત છે. અભિયાન અંતર્ગત રાજ્યમાં ૧,૩૩,૫૨૨ ભૂગર્ભજળ રિચાર્જ વ્યવસ્થાપનના નિર્માણ કરવામાં આવ્યા છે. હાલ રાજ્યમાં રિચાર્જ પીટના ૩૭,૦૦૦ થી વધુ, બોરવેલ રિચાર્જના ૧૯,૦૦૦ થી વધુ અને સોક પીટના ૧૭,૦૦૦ થી વધુ સહિત અન્ય પ્રકારના કામો સહિત ૭૩૦૦૦થી વધુ કામો હાથ ધરવામાં આવતા જળસંચય ક્ષેત્રે એક નવી ક્રાંતિ આવી છે.

ટીપે ટીપાના સંગ્રહથી લઈને ભૂગર્ભ જળસ્તર ઊંચા લાવવા સુધીની આ સફર, માત્ર એક અભિયાન નથી પણ ગુજરાતના અડીખમ વિકાસની જીવનરેખા છે. ગુજરાત આજે જળસંચયના મોડેલ તરીકે દેશમાં અગ્રેસર છે. સુજલામ સુફલામ જળ અભિયાન અને જળસંચય જન ભાગીદારી-૨.૦એ સાબિત કરી દીધું છે કે જ્યારે સરકાર અને જનતા સાથે મળીને કાર્ય કરે છે, ત્યારે કુદરતી સંસાધનોનું જતન શ્રેષ્ઠ રીતે થઈ શકે છે.

## ભાવનગરની ધ. કે .પી ઈ .એસ ઈંગ્લિશ સ્કૂલ બાલમંદિર વિભાગ દ્વારા ગ્રાન્ડ પેરેન્ટ્સ ડેની ઉજવણી




તારીખ ૨૨/૦૨/૨૦૨૬ ના રોજ ભાવનગરની ધ. કે .પી ઈ .એસ ઈંગ્લિશ સ્કૂલ બાલમંદિર વિભાગ દ્વારા ગ્રાન્ડ પેરેન્ટ્સ ડેની ઉજવણી

કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆત શાળાના જનરલ સેક્રેટરી સર, ટ્રેસરર,સર એડમિનિસ્ટ્રેટર્સ અને કે.પી.ઈ.એસ ની વિવિધ બ્રાન્ચ ના આચાર્યશ્રી દ્વારા દીપ પ્રજ્વલન અને પ્રાર્થના સાથે કરવામાં આવી. નાનકડા

બાળકો દ્વારા રજૂ થયેલી કૃષ્ણ લીલા અને સંસ્કારી સંદેશોથી ભરપૂર કાર્યક્રમને દાદા-દાદીએ તાળીઓના ગડગડાટ સાથે વધાવ્યો. કેટલીક રમૂજી રમતો અને પ્રવૃત્તિઓમાં દાદા-દાદી પણ ઉત્સાહપૂર્વક જોડાયા, જેના કારણે કાર્યક્રમ વધુ આનંદમય બની ગયો.

આ પ્રસંગે શાળાના મેનેજમેન્ટ દ્વારા દાદા દાદી અને નાના નાની ને પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા અને રમુજી રમતો ના વિજેતાઓને પણ સર્ટિફિકેટ અને પુરસ્કાર થી સન્માનિત કરવામાં આવ્યા. સમગ્ર કાર્યક્રમ પ્રેમ, લાગણી અને સંસ્કારની સુંદર અભિવ્યક્તિ બની રહ્યો.

## "ગાંધીનગરના આંગણે લોકકલાનો મહાકુંભઃ 'વસંતોત્સવ'નો રંગારંગ પ્રારંભ, કલાકારો? પોતાની કલા થકી સંસ્કૃતિ કુંજને ગજવશે"

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળની 'કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી' તથા 'પશ્ચિમ ક્ષેત્ર સાંસ્કૃતિક કેન્દ્ર, ઉદયપુર'ના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગરના સંસ્કૃતિ કુંજ ખાતે વસંતોત્સવનો રંગારંગ પ્રારંભ થયો છે. આ મહોત્સવમાં લોકકલાના વિવિધ રંગોની સાથે હસ્તકલા પ્રદર્શન અને વેચાણનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

આ મહોત્સવનો વિધિવત પ્રારંભ ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, આવા આયોજનોથી સ્થાનિક કલાકારોને પ્રોત્સાહન મળે છે, અને આપણી સમૃદ્ધ હસ્તકલા તેમજ લોકકલાની પરંપરા જીવંત રહે છે.

આ તકે યુવા અને રમતગમત વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ કેલેન્ડરનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું.

વસંતોત્સવના પ્રથમ દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આકર્ષણ જામ્યું હતું, જેમાં 'ભલા મોરી રામા' ફેમ સુપ્રસિદ્ધ કલાકાર શ્રી અરવિંદ વેગડાએ પોતાના પર્ફોર્મન્સથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

ગણેશ વંદના સાથે શરૂ થયેલા કાર્યક્રમમાં ગુજરાતના ભાતીગળ ગરબા અને ડાકલા ઉપરાંત,રાઠવા આદિવાસી નૃત્ય, પશ્ચિમ બંગાળનું પુરુલિયા છાઉ, આસામનું 'બિહુ',અને મણિપુરનું 'થાંગ-ટા' અને પુંગઢોલ છોલો નૃત્ય , મહારાષ્ટ્રનું લાવણી નૃત્ય,તથા ગુજરાતના આદિવાસી સમાજનું સિદ્દિધમાલ? નૃત્ય, રાજસ્થાનની ભવાઇ અને



હરિયાણાનું ફાગ નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું.

આ મહોત્સવની વિશેષતાઓની વાત કરવામાં આવે તો આ મહોત્સવમાં અંદાજે ૫૦૦થી વધુ કલાકારો પોતાની કલાની પ્રસ્તુતિ કરશે.અને સ્થાનિક કારીગરો દ્વારા નિર્મિત હસ્તકલાની વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ આ આયોજનનું મુખ્ય કેન્દ્ર છે.સરિતા ઉદ્યાન પાસે આવેલા સંસ્કૃતિ કુંજ ખાતે આ મહોત્સવ આગામી ૨ માર્ચ સુધી ચાલશે, જેમાં દરરોજ વિવિધ કલાકારો પોતાની પ્રસ્તુતિ આપશે.આ આયોજન દ્વારા ગુજરાતની અસ્મિતા અને વિવિધતામાં એકતાના દર્શન કરાવતી ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

# વાયુ શક્તિ-૨૦૨૬માં હવાઈ શક્તિનું ભવ્ય પ્રદર્શન

જેસલમેર નજીક આવેલી પોખરણ ચંદન ફાયરિંગ રેન્જ ખાતે હાલ વાયુ શક્તિ-૨૦૨૬ નામે ભારતીય વાયુસેનાનું શક્તિ પ્રદર્શન ચાલી રહ્યું છે. આ કવાયત દરમિયાન ઈન્ડિયન એરફોર્સે પોતાની આક્રમક અને રક્ષણાત્મક એમ બંને ક્ષમતાનું ભવ્ય પ્રદર્શન કર્યું હતું. જેને રણની વચ્ચે ગુંજતી લડાકુ વિમાનોની ગર્જના અને મિસાઈલોના સચોટ પ્રહારો દ્વારા દેશને સંદેશ આપવામાં આવ્યો કે ભારત હવાઈ સુરક્ષામાં સંપૂર્ણ રીતે સજ્જ છે. રાજસ્થાનના પોખરણમાં ચાલી રહેલા આ 'વાયુશકિત ૨૦૨૬' કવાયતમાં કુલ ૧૨૧ જેટલા વિમાનો અને વિવિધ મિસાઈલ પ્રણાલીઓના સમાવેશ સાથે આ કવાયત વાયુસેનાની નેટવર્ક આધારિત કાર્યક્ષમતાનું પ્રતિબિંબ બની છે. જેની શરૂઆત દસોલ્ટ રાફેલના દમદાર પ્રદર્શન સાથે થઈ હતી. સોનિક બૂમ સાથે રાફેલે નક્કી કરાયેલા લક્ષ્યોને ચોકસાઈથી ભેદી પોતાની શક્તિનું પ્રદર્શન કરી બતાવ્યું હતું.

ત્યારબાદ સુખોઈ Su-30MKI અને મિરાજ ૨૦૦૦ જેવા ફાઈટર જેટ્સે આધુનિક હથિયારો સાથે નિર્ધારિત લક્ષ્યોને નષ્ટ કરી પોતાની ઘાતક ક્ષમતા બતાવી હતી.

સ્વદેશી લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ 'HAL તેજસ'એ પણ આકાશમાં શાનદાર કૌશલ્ય દર્શાવી 'આત્મનિર્ભર ભારત'ની શક્તિ રજૂ કરી હતી.

જ્યારે હેલિકોપ્ટર દળમાં 'HAL પ્રચંડ અને HAL ધ્રુવ'એ પોતાની મારક ક્ષમતાનું પ્રદર્શન કર્યું હતું. સાથે જ 'બોઈંગ AH-64 અપાચે' અને 'બોઈંગ CH-47 ચિનુક' દ્વારા યુદ્ધ જેવી પરિસ્થિતિમાં તોપખાના સહિત અન્ય હથિયારોનું હવાઈ પરિવહન કરી વ્યૂહાત્મક તૈયારી બતાવવામાં આવી હતી.

ત્યારબાદ સુખોઈ Su-30MKI અને મિરાજ ૨૦૦૦ જેવા ફાઈટર જેટ્સે આધુનિક હથિયારો સાથે નિર્ધારિત લક્ષ્યોને નષ્ટ કરી પોતાની ઘાતક ક્ષમતા બતાવી હતી. સ્વદેશી લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ 'HAL તેજસ'એ પણ આકાશમાં શાનદાર કૌશલ્ય દર્શાવી 'આત્મનિર્ભર ભારત'ની શક્તિ રજૂ કરી હતી.



ધરતીથી આકાશમાં માર કરતી રક્ષણ પ્રણાલીમાં આકાશ મિસાઈલ અને 'સમર મિસાઈલ સિસ્ટમ' દ્વારા હવામાં ઘુસણખોરી કરનાર લક્ષ્યોને (દુશ્મનના ડ્રોન, પ્લેન) સફળતાપૂર્વક નિશાન બનાવવામાં આવ્યા હતા.

જ્યારે પરિવહન અને લોજિસ્ટિક ક્ષમતામાં 'Lockheed Martin C-130J Super Hercules' પ્લેન દ્વારા હવાઈ પટ્ટી વગર ઉતરાણ અને Boeing C-17 Globemaster III દ્વારા ભારે સૈન્ય સાધનો ઉતારવાની કવાયત યોજાઈ હતી.

ઉલ્લેખનીય છે કે માનવતા મિશનમાં પણ વાયુસેના અગ્રેસર રહી છે. વર્ષ ૨૦૨૩માં સુદાનમાં ફાટી નીકળેલા ગૃહયુદ્ધ દરમિયાન ભારતીય વાયુસેનાએ ઓપરેશન કાવેરી ચલાવી ૧૧૦૦થી વધુ ભારતીયોને સુરક્ષિત રીતે વતન પરત લાવવામાં આવ્યા હતા. હાલ વાયુ શક્તિ-૨૦૨૬એ સાબિત કર્યું કે, ભારતીય વાયુસેના માત્ર શક્તિશાળી જ નહીં, પરંતુ આધુનિક ટેકનોલોજી, ચોકસાઈ અને ઝડપી પ્રતિસાદ ક્ષમતામાં પણ વિશ્વસ્તરીય છે.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat